RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689
TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



આજથી હેલ્મેટ પહેરીને નીકળજો

વાંચો અંદરના પેજ પર



સયાજી હોસ્પિટલમાં તબીબોની હડતાળ સમેટાઈ

● સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર ● તંત્રી : ડો.ઈલેવાન ઠાકર Year- 19 ● Issue - 330 ● SATURDAY 02-05-2026 ● Price : 0.90/-(Paisa), Annual : 280/- ● Page : 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

### ઈરાને કહ્યું- હોર્મુઝમાંથી ભારતીય જહાજોને પસાર થવા પર રોક નથી

# 10 હજાર ભારતીયોની સુરક્ષા પ્રાથમિકતા, ચાબહાર રેલવે લાઈનનું 90% કામ પૂરું

### તેમણે જણાવ્યું હતું કે ભારત સહિત મિત્ર દેશોના જહાજો પર કોઈ પ્રતિબંધ નથી

ભારતમાં ઈરાનના રાજદૂત ડૉ. મોહમ્મદ ફતાલીએ જણાવ્યું છે કે સંઘર્ષ છતાં, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોના સુરક્ષિત માર્ગની ખાતરી કરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ભારત સહિત મિત્ર દેશોના જહાજો પર કોઈ પ્રતિબંધ નથી.

એક મુલાકાતમાં, ફતાલીએ જણાવ્યું હતું કે ઈરાન વિરુદ્ધ યુએસ-ઈઝરાયલી કાર્યવાહીમાં સામેલ ન હોય તેવા દેશોના જહાજો સામાન્ય રીતે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ શકે છે. ઘણા ભારતીય જહાજો આ માર્ગ પરથી પસાર થઈ ચૂક્યા છે.

ચાબહાર બંદરને પ્રાદેશિક જોડાણ માટે મહત્વપૂર્ણ ગણાવતા તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ સતત આગળ વધી રહ્યો છે અને ક્યારેય અટક્યો નથી. ફતાલીના મતે, ચાબહાર-ઝોહેદાન રેલ્વે લાઈન પર લગભગ 90% કામ પૂર્ણ થઈ ગયું છે, અને રેલ્વે લાઈન ટૂંક સમયમાં પૂર્ણ થશે.

ફતાલીએ એમ પણ કહ્યું હતું કે ઈરાનમાં રહેતા આશરે 10,000 ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવી એ સરકારની પ્રાથમિકતા છે. ઈરાન ભારતીયો અને તેના પોતાના નાગરિકો વચ્ચે ભેદભાવ રાખતો નથી.

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે છેલ્લા 24 કલાકમાં દેશને લગભગ 6,500 ટન સૈન્ય ઉપકરણો અને દારૂગોળો મળ્યો છે. તેમાં હવાઈ અને જમીની લડાઈમાં ઉપયોગમાં લેવાતા હથિયારોનો સમાવેશ થાય છે. મંત્રાલય અનુસાર, આ બધો સામાન બે જહાજો અને અનેક કાર્ગો વિમાનો દ્વારા ઈઝરાયલ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને દેશભરના અલગ-અલગ સૈન્ય મથકો સુધી પહોંચાડવામાં આવ્યો.

ઈઝરાયલના રક્ષા મંત્રી ઈઝરાયલ કાટ્ઝે કહ્યું કે તેમનો દેશ એકવાર ફરી ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું કે ઈઝરાયલ એ નક્કી કરવા માંગે છે કે ઈરાન ભવિષ્યમાં તેના માટે ખતરો ન બને.

એક સૈન્ય કાર્યક્રમ દરમિયાન કાટ્ઝે કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે મળીને આ અભિયાનને આગળ વધારી રહ્યા છે. કાટ્ઝે કહ્યું કે ઈઝરાયલ આ પ્રયાસને સમર્થન આપી રહ્યું છે અને જરૂરી મદદ પણ આપી રહ્યું છે. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જો જરૂર પડી તો ઈઝરાયલ જલ્દી જ ફરીથી કાર્યવાહી કરી શકે છે, જેથી પોતાના લક્ષ્યોને હાંસલ કરી શકાય.

લેબનાનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયલ વિરુદ્ધ ખાસ ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે, જે ઈઝરાયલની ઈલેક્ટ્રોનિક સુરક્ષા વ્યવસ્થાને સરળતાથી છેતરી શકે છે.

માહિતી અનુસાર, આ ડ્રોન સામાન્ય ડ્રોનથી અલગ હોય છે. તેમને નિયંત્રિત કરવા માટે રેડિયો સિગ્નલને બદલે ખૂબ જ પાતળા ફાઈબર-ઓપ્ટિક વાયરનો ઉપયોગ કરવામાં આવે છે. આ જ કારણ છે કે તેમને સામાન્ય ડ્રોનની જેમ જામ કરવા મુશ્કેલ હોય છે. આ ડ્રોન જમીનની ખૂબ નજીક ઉડે છે, જેના કારણે રડાર અને મોનિટરિંગ સિસ્ટમ માટે તેમને પકડવા સરળ નથી હોતું.




## નેશનલ-ઈન્ટરનેશનલ

### મમતાએ કહ્યું- કોઈપણ સંજોગોમાં EVM લૂંટવા નહીં દઈએ:ભવાનીપુર સ્ટ્રોંગ રૂમમાં 4 કલાક રહ્યા

• નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ગુરુવારે રાત્રે પોતાની બેઠક ભવાનીપુરના EVM સ્ટ્રોંગ રૂમ પહોંચ્યા, જ્યાં તેઓ અંદાજે 4 કલાક રહ્યા. ભાસ્કર રિપોર્ટરે જણાવ્યું કે મમતાએ તમામ ઉમેદવારોને કહ્યું હતું કે તેઓ પોતપોતાની વિધાનસભાના સ્ટ્રોંગ રૂમની બહાર પહોંચે. પોતે મમતા પણ ભવાનીપુરના સ્ટ્રોંગ રૂમ પહોંચ્યા હતા. આ દરમિયાન ભાજપના નેતાઓ પણ ત્યાં હાજર હતા.

બહાર આવીને મમતાએ મીડિયાને જણાવ્યું- 'કેન્દ્રીય દળોએ મને અંદર જતી રોકી હતી. હું પરવાનગી લીધા પછી અંદર ગઈ હતી. EVM લૂંટવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ હું આવું થવા દઈશ નહીં.'

આ પહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના નેતાઓએ ગુરુવારે સાંજથી કોલકાતામાં EVM સ્ટ્રોંગ રૂમની બહાર ધરણા કર્યા હતા. પાર્ટીનો આરોપ છે કે તેમના પ્રતિનિધિઓની હાજરી વગર બેલેટ બોક્સ ખોલવામાં આવી રહ્યા છે.

જોકે, રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું છે કે પોસ્ટલ બેલેટની છટણી કરવામાં આવી રહી હતી; પક્ષોને બોલાવ્યા હતા, પરંતુ તેમના લોકો આવ્યા નહોતા. અને બાદમાં CCTVને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. હવે બધું બરાબર છે.CEO મનોજ કુમાર અગ્રવાલે સ્ટ્રોંગ રૂમને લઈને ચાલી રહેલા વિવાદ પર કહ્યું- જે સ્ટ્રોંગ રૂમમાં EVM રાખવામાં આવ્યા છે, તે સંપૂર્ણપણે સુરક્ષિત અને લોક છે.

### રાજસ્થાન-મહારાષ્ટ્રમાં પારો હજુ પણ 44C પાર:યુપી-બિહાર અને કર્ણાટકમાં વાવાઝોડા-વરસાદથી 29નાં મોત

• નવી દિલ્હી

છેલ્લા 15 દિવસથી ભીષણ ગરમીનો સામનો કરી રહેલા દેશના મોટા ભાગને ગુરુવારે થોડી રાહત મળી. વાવાઝોડા-વરસાદ અને કરા પડવાને કારણે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, ઝારખંડમાં તાપમાનમાં 3-5C સુધીનો ઘટાડો થયો.

પરંતુ ગુરુવારે દેશમાં સૌથી વધુ 44.6C તાપમાન વિદર્ભના ચંદ્રપુરમાં નોંધાયું. આ ઉપરાંત રાજસ્થાનના બાડમેર, જેસલમેર, અમરાવતી અને આંધ્ર પ્રદેશના રેન્ટાચિંતલામાં તાપમાન 44C રહ્યું.

### સોનું 679 વધીને 1.49 લાખ પર પહોંચ્યું:આ વર્ષે સોનું 16 હજાર મોંઘું થયું, ચાંદી આજે 582 વધીને 2.37 લાખ પર પહોંચી

• નવી દિલ્હી

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 29 એપ્રિલે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 679 રૂપિયા વધીને 1,48,652 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1,47,973 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.જ્યારે એક કિલો ચાંદી 582 રૂપિયા વધીને 2,36,882 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 30 એપ્રિલે તેની કિંમત 2,36,300 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.2026માં સોનું અત્યાર સુધીમાં 16 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 7 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.37 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

### રાજનાથે કહ્યું- ઓપરેશન સિંદૂર અમારી મરજીથી રોક્યું:ન્યુક્લિયર હુમલાથી ડર્યા નથી

• નવી દિલ્હી

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું કે ભારતે ઓપરેશન સિંદૂરને પોતાની મરજી અને પોતાની શરતો પર રોક્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડી તો દેશ પાકિસ્તાન વિરુદ્ધ લાંબી લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે.

રાજનાથ સિંહે કહ્યું કે પાકિસ્તાન તરફથી પરમાણુ હુમલાની ધમકી આપવામાં આવી હતી, પરંતુ ભારત તેનાથી ડર્યું નહીં. તેમણે કહ્યું કે ભારતીય સેનાની સર્જ કેપેસિટી (અચાનક તાકાત વધારવાની ક્ષમતા) પહેલા કરતા વધુ મજબૂત છે.રાજનાથે કહ્યું- ભારત આજે ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) માટે જાણીતું છે જ્યારે પાકિસ્તાનને 'IT એટલે કે ઈન્ટરનેશનલ ટેરરિઝમ'નું કેન્દ્ર માનવામાં આવે છે.

સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એક ટર્નિંગ પોઈન્ટ હતું, જેણે દુનિયાને બતાવ્યું કે ભારત હવે માત્ર નિવેદનો આપનારો દેશ નથી, પરંતુ સીધી કાર્યવાહી કરે છે.

રક્ષા મંત્રીએ કહ્યું કે વડાપ્રધાનના નેતૃત્વમાં સરકારની નીતિ સ્પષ્ટ છે. દેશમાં કોઈપણ આતંકી હુમલાને સહન કરવામાં આવશે નહીં. જરૂર પડ્યે કડક અને સીધી કાર્યવાહી કરવામાં આવશે.

## રાહુલ ગાંધીએ કહ્યું-VIP કલ્ચર છોડીને જનતા સાથે સંવાદ કરો : પંજાબ, J&K અને હિમાચલ કોંગ્રેસના જિલ્લા પ્રમુખોને ટ્રેનિંગ આપી

• કાંગડા

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે (ગુરુવારે) કાંગડામાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને જમ્મુ-કાશ્મીરના 80 કોંગ્રેસ પ્રમુખોને ટ્રેનિંગ આપી. રાહુલ ગાંધીએ કહ્યું કે સંગઠનને મજબૂત બનાવવા માટે VIP કલ્ચર છોડીને સામાન્ય જનતા સાથે સીધો સંવાદ કરવો પડશે.

રાહુલ ગાંધીએ જનતા સાથે જોડાયેલા મુદ્દા ઉઠાવવાની સલાહ આપી. તેમણે કહ્યું કે વિરોધ પક્ષોના નેરેટિવનો જવાબ મીડિયાની સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી આપવો જોઈએ.રાહુલે પોતાના સાડા ચાર કલાકના ટ્રેનિંગ કાર્યક્રમ દરમિયાન સંગઠનને મજબૂત કરવા, મીડિયા મેનેજમેન્ટ, સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ અને વિપક્ષના નેરેટિવનો જવાબ આપવા માટે ટિપ્સ આપી હતી.

રાહુલ ગાંધીએ બપોરે દોઢ વાગ્યાની આસપાસ કોંગ્રેસના જિલ્લા પ્રમુખો સાથે લંચ કર્યું અને બપોરે સવા બે વાગ્યે તેઓ કાંગડાથી પાછા દિલ્હી પરત ફર્યા.

ખરેખરમાં, કોંગ્રેસનો સંગઠન સર્જન કાર્યક્રમ હેઠળ ટ્રેનિંગ શિબિર હિમાચલના કાંગડામાં રાખવામાં આવી હતી. આમાં ત્રણ રાજ્યોના 80 જિલ્લા પ્રમુખોને 10 દિવસ સુધી ટ્રેનિંગ આપવામાં આવી. આજે ટ્રેનિંગ શિબિર સમાપ્ત થઈ છે. આ પ્રકારના શિબિરો



કોંગ્રેસ અન્ય રાજ્યોમાં પણ લગાવી ચૂકી છે. તેનો હેતુ સંગઠનને મજબૂત બનાવવાનો છે.

રાહુલ ગાંધી સવારે 8 વાગ્યે દિલ્હીથી ફલાઈટમાં કાંગડા એરપોર્ટ પહોંચ્યા. ત્યાંથી તેઓ રોડ માર્ગે કાંગડાના ગુપ્ત ગંગા હોટેલ પહોંચ્યા, જ્યાં ટ્રેનિંગ શિબિર ચાલી રહી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ વિનય કુમાર, ડેપ્યુટી સીએમ મુકેશ અગ્નિહોત્રી અને પ્રદેશ કોંગ્રેસના અન્ય મોટા નેતાઓ પણ હાજર રહ્યા.

## પાકિસ્તાનમાં 'ઓપરેશન ધુરંધર' ચાલુ:જૈશ-એ-મોહમ્મદનો ટોચનો કમાન્ડર મૌલાના સલમાન અઝહર ખતમ; બે દિવસમાં બે કમાન્ડર માર્યા ગયા

પાકિસ્તાનના બહાવલપુરથી મોટા સમાચાર સામે આવ્યા છે. આતંકવાદી સંગઠન લશ્કર-એ- તૈયબા અને જૈશ-એ- મોહમ્મદના ટોચના કમાન્ડર મૌલાના સલમાન અઝહરનું શંકાસ્પદ મોત થયું છે. શરૂઆતના રિપોર્ટ મુજબ સલમાન અઝહરનું મોત અકસ્માતે થયું. તે બહાવલપુરમાં તેના સંગઠનના માણસો સાથે ચાલીને જઈ રહ્યો હતો ત્યારે પૂરઝડપે ધસી આવેલી કારે તેને ઉડાડી દીધો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે મૌલાના સલમાન અઝહરનું સ્થળ પર જ મોત થયું.

માનવામાં આવે છે કે પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર પછી પણ 'ઓપરેશન ધુરંધર' ચાલી રહ્યું છે અને આ તેનો જ ભાગ હોઈ શકે છે. જૈશના નવેસરથી ઊભા માળખાંને પણ નષ્ટ કરવામાં આવી રહ્યાં છે. બે દિવસ પહેલાં 27 એપ્રિલે ખૈબર પખ્તુનખ્વાહના જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર યુસુફ આફરીદીને ગોળીઓ મારીને શરીર ચારણી કરી દેવામાં આવ્યું હતું. આ બંને ઘટના નવી નથી. પહેલગામ હુમલા પછી 11 આતંકીઓ માર્યા ગયા છે અને તેના કારણે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના પાયા હચમચી ગયા છે. જોકે પાકિસ્તાન સરકાર જૈશે આ બાબતની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

મૌલાના સલમાન અઝહરને લશ્કર-એ- તૈયબા અને જૈશ-એ-મોહમ્મદમાં ટોચનો કમાન્ડર હતો. જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહરનો જમણો હાથ હતો. તેમણે સંગઠનની પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ભારત વિરોધી ભડકાઉ ભાષણો આપ્યા કરતો. મસૂદ અઝહરે બનાવેલા સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ- તૈયબા લાંબા સમયથી ભારતમાં ઘણા મોટા આતંકવાદી હુમલાઓ કરતું આવ્યું છે. જેમાં 2001માં સંસદ પર હુમલો, 2019માં પુલવામા આત્મઘાતી હુમલો અને 2025માં પહેલગામ હુમલાનો સમાવેશ થાય છે. મૌલાના સલમાન અઝહર મસૂદ અઝહરનો નજીકનો સંબંધી હોવાનું કહેવાય છે.ભારત પર થયેલા તમામ હુમલાનો પ્લાન અને તેનું ડિટેઈંગ સલમાન અઝહર કરતો હતો.

પાકિસ્તાનના બેરોજગાર યુવાનોનું બ્રેઈન વોશ કરીને આતંકી ટ્રેનિંગ આપતો અને જમ્મુ-કાશ્મીરમાં એન્ટર કરાવતો. રિપોર્ટ અનુસાર, મૌલાના સલમાન અઝહરના અંતિમ સંસ્કાર 29 એપ્રિલના રોજ સાંજે 4 વાગ્યે બહાવલપુરના મરકઝ સુભાનલ્લાહ ખાતે થયા હતા. જેમાં મોટી સંખ્યામાં જૈશના આતંકી હાજર હતા. આ ઘટના બાદ સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ આ વિસ્તારમાં થતી એક્ટિવિટી પર નજીકથી નજર રાખી રહી છે.

### ટ્રમ્પ યુદ્ધ રોકવા માટે સંસદની મંજૂરી નથી ઈચ્છતા

## પ્રસ્તાવ રજૂ કરવાનું ટાળ્યું; રક્ષા મંત્રીએ કહ્યું- યુદ્ધ વિરોધી અમેરિકનો ઈરાન કરતાં વધુ ખતરનાક

ટ્રમ્પે ઈરાન યુદ્ધની મંજૂરી માટે સંસદમાં પ્રસ્તાવ મૂકવાનો ઈરાદો હાલ પૂરતો ટાળી દીધો છે. યુદ્ધના 60 દિવસનો સમય પૂરો થયા પછી ટ્રમ્પને તેને આગળ ચાલુ રાખવા માટે 1 મેના રોજ પ્રસ્તાવ મૂકવાનો હતો.

અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ગુરુવારે સંસદમાં કહ્યું કે રાષ્ટ્રપતિને 60 દિવસથી વધુ યુદ્ધ ચાલુ રાખવા માટે સંસદની મંજૂરી લેવાની જરૂર નથી. તેમનું કહેવું હતું કે ઈરાન સાથે જે સીઝફાયર (યુદ્ધવિરામ) થયું છે, તેનાથી આ 60 દિવસની સમય મર્યાદા અટકી ગઈ છે.

અમેરિકા-ઈરાન યુદ્ધ 7 એપ્રિલે અટકી ગયું હતું. તેનો અર્થ એ છે કે આ યુદ્ધ લગભગ 40 દિવસ ચાલ્યું. હેગસેથે એમ પણ કહ્યું કે આ સમયે સૌથી મોટો ખતરો ઈરાન નહીં, પરંતુ યુદ્ધ વિરોધીઓ છે. જેમાં કેટલાક ડેમોક્રેટ અને કેટલાક રિપબ્લિકન છે.

અમેરિકામાં વિયેતનામ યુદ્ધ પછી એક કાયદો બનાવવામાં આવ્યો હતો, જેને 'વૉર પાવર્સ રિઝોલ્યુશન' કહેવામાં આવે છે. આ કાયદા મુજબ, રાષ્ટ્રપતિ સંસદની મંજૂરી વિના માત્ર 60 દિવસ જ સેનાનો ઉપયોગ કરી શકે છે. આ



કાયદા હેઠળ રાષ્ટ્રપતિએ કાં તો સેના પાછી બોલાવવી પડે છે, અથવા યુદ્ધ ચાલુ રાખવા માટે સંસદ પાસેથી મંજૂરી લેવી પડે છે, અથવા પછી 30 દિવસનો વધારાનો સમય માંગવો પડે છે.

ટ્રમ્પે 1 માર્ચે સંસદમાં ઈરાન પર હુમલાની જાણકારી આપી હતી. આવી સ્થિતિમાં 60 દિવસની સમયમર્યાદા 1 મેના રોજ પૂરી થઈ જશે.

ટ્રમ્પ સરકારનું કહેવું છે કે ઈરાન વિરુદ્ધ જે સૈન્ય કાર્યવાહી 28 ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી, તેને હવે સમાપ્ત માનવામાં આવી રહી છે. NBC ન્યૂઝ સાથે વાત કરતા એક અમેરિકી અધિકારીએ કહ્યું કે કાયદા મુજબ હવે તેને ચાલુ યુદ્ધ માનવામાં આવશે નહીં.

7 એપ્રિલથી બંને પક્ષો વચ્ચે બે અઠવાડિયાનો યુદ્ધવિરામ લાગુ થયો હતો, જેને બાદમાં લંબાવવામાં આવ્યો હતો. ત્યારથી અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ પણ પ્રકારની ગોળીબારી થઈ નથી.

અમેરિકા અને ઈઝરાયલે 28 ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલા શરૂ કર્યા હતા. તેના જવાબમાં ઈરાને ખાડી ક્ષેત્રમાં અમેરિકાના સહયોગીઓ પર પલટવાર કર્યો અને હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરી દીધું.

બાદમાં 8 એપ્રિલે પાકિસ્તાનની મધ્યસ્થીમાં યુદ્ધવિરામ લાગુ થયો. ત્યારબાદ 11-12 એપ્રિલે ઈસ્લામાબાદમાં વાતચીત પણ થઈ, પરંતુ કોઈ સમજૂતી થઈ શકી નહીં.

ત્યારબાદ ટ્રમ્પે પાકિસ્તાનની અપીલ પર યુદ્ધવિરામને પોતાની તરફથી લંબાવ્યો, પરંતુ તેની નવી સમયમર્યાદા નક્કી કરવામાં આવી ન હતી.

બીબીસી ન્યૂઝ અનુસાર, ઈરાનના ઈસ્ફહાનમાં રહેતા 21 વર્ષીય યુવક સાસન આઝાદવર જોંગાનીને ફાંસી આપવામાં આવી. તેને આ જ વર્ષે જાન્યુઆરીમાં સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી.

## અમેરિકી મહિલા સાંસદે રાષ્ટ્રપતિની માનસિક સ્થિતિ પર ઉઠાવ્યા સવાલ, રક્ષામંત્રીએ કહ્યું- બાઈડનને કેમ આ નહોતું પૂછ્યું

### ડોનાલ્ડ ટ્રમ્પનું મગજ ઠેકાણે છે?

અમેરિકાની હાઉસ આર્મ્ડ સર્વિસિસ કમિટીની સુનાવણી દરમિયાન એક મોટો રાજકીય વિવાદ સામે આવ્યો. ડેમોક્રેટ સાંસદ સારા જેકબ્સે રક્ષા મંત્રી પીટ હેગસેથને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની માનસિક સ્થિતિ અંગે સવાલ પૂછ્યો.

જેકબ્સે પોતાના સવાલ દરમિયાન ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર કરવામાં આવેલી તાજેતરની પોસ્ટનો ઉલ્લેખ કર્યો અને તેમની ભાષાની ટીકા કરી. આ દરમિયાન તેમની પાછળ ઉભેલા એક સહાયકે ટ્રમ્પની જૂની પોસ્ટના કટઆઉટ પણ બતાવ્યા. તેમાં તે વિવાદાસ્પદ ઈસુવાળી AI પોસ્ટ પણ સામેલ હતી, જેને બાદમાં હટાવી દેવામાં આવી હતી.

સારા જેકબ્સે સીધો સવાલ કરતા કહ્યું, 'શું તમે માનો છો કે રાષ્ટ્રપતિ માનસિક રીતે એટલા સ્થિર છે કે તેઓ કમાન્ડર-ઈન-ચીફની જવાબદારી નિભાવી શકે?' તેના પર પીટ હેગસેથ નારાજ થઈ ગયા. તેમણે પલટવાર કરતા પૂછ્યું, 'શું તમે આ જ સવાલ ચાર વર્ષ સુધી જો બાઈડનને પૂછ્યો હતો?'

હેગસેથે કહ્યું કે આ જ ડેમોક્રેટિક પાર્ટીએ બાઈડનનો ત્યારે બચાવ કર્યો હતો જ્યારે તેઓ બરાબર બોલી પણ નહોતા શકતા. તેના પર જેકબ્સે જવાબ આપ્યો કે 2024ની ચૂંટણીમાં બાઈડન 'અમારા રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર નહોતા.' હેગસેથે આગળ કહ્યું કે તેઓ આ પ્રકારના સવાલ-જવાબમાં સામેલ થવા માંગતા નથી.

હાઉસ આર્મડ સર્વિસીસ કમિટીની બેઠકમાં જેકબ્સ અને હેગસેથ વચ્ચે જોરદાર દલીલો થઈ હતી. હેગસેથે ટ્રમ્પનો બચાવ કરતા તેમને સૌથી તેજ અને દૂરંદેશી 'કમાન્ડર ઈન ચીફ' ગણાવ્યા હતા. અમેરિકી રક્ષા મંત્રીએ જેકબ્સને કહ્યું કે, 'તમે કમાન્ડર-ઈન-ચીફ વિશે જે પ્રકારની અપમાનજનક ટિપ્પણી કરી રહ્યા છો, હું તેના પર બિલકુલ ધ્યાન નહીં આપું. તેઓ અમારા સર્વશ્રેષ્ઠ કમાન્ડર ઈન ચીફ છે.'વાસ્તવમાં, આ ચર્ચા એવા સમયે થઈ છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ બનેલી છે અને




ટ્રમ્પ પ્રશાસનની નીતિઓ પર વિપક્ષ સતત પ્રહારો કરી રહ્યો છે. આ પહેલા ગયા મહિને પૂર્વ રિપબ્લિકન સાંસદ માર્જોરી ટેલર ગ્રીને પણ ઈરાન યુદ્ધને લઈને ટ્રમ્પની માનસિક સ્થિતિ પર સવાલો ઉઠાવ્યા હતા. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધની શરૂઆત 28 ફેબ્રુઆરીએ થઈ હતી.

આટલા દિવસોના યુદ્ધ દરમિયાન ટ્રમ્પે અનેક ભ્રામક ટ્વીટ કર્યા હતા, જેકબ્સે તેનો પણ હવાલો આપ્યો હતો. ડેમોક્રેટિક સાંસદે ટ્રમ્પના એ ટ્વીટનો પણ ઉલ્લેખ કર્યો જેમાં લખ્યું હતું - 'આજે રાત્રે એક આખી સભ્યતા ખતમ થઈ જશે.' જેકબ્સે એ તસવીર પણ બતાવી જેમાં ટ્રમ્પને ઈસુ ખ્રિસ્તના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે અને તેઓ લોકોને સાજા કરતા જોવા મળી રહ્યા છે. જેકબ્સે પૂછ્યું કે, 'હું મારા મતદારોને આ બાબતે કેવી રીતે સમજાવું?' આ રીતે જેકબ્સ અને હેગસેથ વચ્ચે ઉગ્ર દલીલો થઈ હતી. આ દરમિયાન હેગસેથ ગુસ્સાથી લાલચોળ થઈ ગયા હતા. તેમણે કહ્યું, 'હું અહીં આ પદ વિશે સમજાવવા આવ્યો નથી. અમારી પાસે એક અવિશ્વસનીય કમાન્ડર-ઈન-ચીફ છે, જે આપણા સૈનિકોને સર્વોપરી રાખે છે.

તંત્રીની કલમે

# ઈથેનોલથી દોડશે વાહનો : સરકાર 100 ટકા બ્લેંડિંગ કરવાની તૈયારીમાં

અમેરિકા અને ઈરાનના યુદ્ધના કારણે દુનિયાભરમાં પેટ્રોલ અને ડીઝલની તંગી સર્જાયેલી છે. બીજી તરફ જે દેશો પાસે સ્ટોક છે તે ખુટવા લાગ્યો છે. ઘણા દેશો દ્વારા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગની કવાયત હાથ ધરવામાં આવી છે. ભારતે પણ પેટ્રોલ અને ડીઝલના વિકલ્પો અને તેની સાથે અન્ય કેમિકલ્સ અને પદાર્થોની ભેળસેળ કરીને નવા ફ્યુઅલ વિકસાવવાની દિશામાં અને તેનો ઉપયોગ કરવાની દિશામાં પ્રયાસ કરાઈ રહ્યા છે. એક તરફ સ્ટોક ઘટી રહ્યો છે અને બીજી તરફ પેટ્રોલના અને ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝિંકાવાની શક્યતાઓ છે ત્યાં સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર નિર્ભરતા ઓછી કરવા નવું સાહસ કરવાનું નક્કી કર્યું છે.

તાજેતરમાં જ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRTH) દ્વારા એક નવું નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા મોટર વ્હીકલ એક્ટ હેઠળ એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ ભેળવવાના નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જો આ પ્રસ્તાવ લાગુ થશે, તો આગામી સમયમાં વાહનો સંપૂર્ણપણે ઈથેનોલથી પણ ચાલી શકશે. સરકાર ૧૦૦ ટકા ઈથેનોલથી જ વાહનો ચલાવવાની તૈયારીમાં છે. જાણકારોના મતે આ ડ્રાફ્ટ નોટિફિકેશનનો હેતુ કાર્બન ઉત્સર્જન સંબંધિત નિયમો, ફ્યુઅલ ક્લાસિફિકેશન અને હાઈ ઈથેનોલ બ્લેન્ડ સાથે જોડાયેલા ટેકનિકલ શબ્દોમાં ફેરફાર કરવાનો છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯માં સુધારો કરીને E85 અથવા E100 સુધીના ઈંધણ માટે વાહન સ્ટાન્ડર્ડનો સમાવેશ કરવાની વાત આ પ્રસ્તાવમાં કરવામાં આવી છે.

ડ્રાફ્ટમાં ઈંધણની નવી કેટેગરી નક્કી કરવાનો પણ પ્રસ્તાવ છે. જેમ કે પેટ્રોલની ઓળખ હવે E10/Eથી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. અહેવાલો પ્રમાણે ઊર્જા જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા લાવવાના પ્રયાસ રૂપે જ ૧૦૦ ટકા ઈથેનોલ બ્લેંડિંગ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે. તેનાથી ક્રૂડ ઉપરની નિર્ભરતા ઓછી થશે અને પર્યાવરણ બચાવવામાં અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી સફળતા મળશે. તે ઉપરાંત ખેડૂતોની આવકમાં પણ મોટો વધારો થશે જેના દ્વારા અર્થતંત્રને જ વેગ મળશે.

ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. તેનો અર્થ એ છે કે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવી શકાય છે. ઈથેનોલ બ્લેંડેડ પેટ્રોલ હેઠળ સરકારે ગત વર્ષે ૧ એપ્રિલથી આ નીતિ લાગુ કરી દીધી હતી. હાલમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથનેલો ભેળવવામાં આવે છે. સરકાર હવે તેને વધારીને ૮૫ અને ૧૦૦ ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરે. ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ જ ગણાય છે જે શેરડી, મકાઈ અને ચોખામાંથી બનાવવામાં આવે છે. પહેલાં તેમાંથી સુગર દૂર કરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં યીસ્ટ ભેળવવામાં આવે છે. યીસ્ટ આ સુગરને ઈથેનોલ અને ગેસમાં પરિવર્તિત કરી દે છે.

આ પ્રક્રિયાને ફર્મેન્ટેશન કહેવામાં આવે છે. ત્યારબાદ જે મિશ્રણ તૈયાર થાય છે તેને ડિસ્ટિલેશન કરીને તેમાંથી પાણી અલગ કરવામાં આવે છે. આ પ્રોસેસ થયા બાદ જે ઈથેનોલ વધે છે તેનો ઉપયોગ ફ્યૂઅલ તરીકે અથવા તો અન્ય ઈંધણ તરીકે કરવામાં આવે છે. ભારત ઈથેનોલના ઉત્પાદનમાં સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ૨૦૧૪માં ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માત્ર ૨૦૦ કરોડ લિટર હતી. જે હાલમાં અંદાજે ૧૮૦૦થી ૨૦૦૦ કરોડ લિટર સુધી પહોંચી ગઈ છે. દેશમાં હવે E20 બ્લેંડિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના માટે ૧૦૦૦ કરોડ લિટરની જ જરૂર પડે છે. સરકાર આગામી પાંચ વર્ષોમાં ઉત્પાદનને પાંચ ગણું કરવા માગે છે.

ઈલેવાન ઠાકર

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હિટવેવનાં દર્દીઓ માટે ખાસ 20 બેડનો સ્પેશિયલ વોર્ડ ઉભો કરાયો

## હિટવેવની અસર જણાય તો અહીં પહોંચજો : તબીબો સહિતનો સ્ટાફ ખડેપગે રહેશે





• રાજકોટ

સમગ્ર ગુજરાતમાં અત્યારે ઉનાળાનો પ્રારંભ થતાની સાથે જ ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે. ખાસ કરીને રંગીલા રાજકોટમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ તાપમાન 42 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. આકરી ગરમી અને ગરમ લૂ (હીટવેવ) ના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે અને ડિહાઈડ્રેશન તેમજ હીટ સ્ટ્રોકના કેસોમાં ચિંતાજનક વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને પૂર્વનિર્ધારિત રીતે પહોંચી વળવા માટે રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. હોસ્પિટલ દ્વારા ખાસ કરીને હીટ સ્ટ્રોકના દર્દીઓને માટે 20 બેડનો સ્પેશિયલ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે, જ્યાં 24 કલાક તબીબી સેવાઓ ઉપલબ્ધ રહેશે. આ માટે ખાસ ટીમો પણ તૈનાત કરાઈ છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. હર્ષદ દૂસરાએ આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, વધતા જતા તાપમાન અને આગામી દિવસોમાં હીટવેવની શક્યતાઓને જોતા હોસ્પિટલના ઈમરજન્સી વિભાગની ઉપર, વોર્ડ નં 10ના બિલ્ડિંગમાં હીટવેવના દર્દીઓ માટે ખાસ 20 બેડની સુવિધા સાથેનો નવો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ માત્ર શહેર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રનું મેડિકલ હબ હોવાથી અહીં દર્દીઓનો મોટો ધસારો રહે છે. આ બાબતને ધ્યાને રાખીને અત્યારથી આ સ્પેશિયલ વોર્ડમાં 10 નર્સિંગ સ્ટાફ અને 5 અનુભવી તબીબોની ટીમ તૈનાત કરી દેવામાં આવી છે, જેઓ ખડેપગે દર્દીઓની સારવાર કરશે.

હીટવેવના દર્દીઓ માટેના આ ખાસ વોર્ડમાં માત્ર બેડ જ નહીં, પરંતુ જરૂરી તમામ જીવનરક્ષક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાઈ છે. ડો. હર્ષદ દૂસરાએ વધુમાં ઉમેર્યું કે, ગરમીના કારણે બીમાર પડતા લોકો માટે ઓ.આર.એસ (ORS) ના પેકેટ, જરૂરી દવાઓ અને ઠંડક જાળવી રાખવા માટેના સાધનોનો પૂરતો જથ્થો હાજર રાખવામાં આવ્યો છે. દર્દીઓની જરૂરિયાત મુજબ તેમને 'સિમ્પ્ટોમેટિક ટ્રીટમેન્ટ' એટલે કે લક્ષણો મુજબની ત્વરિત સારવાર આપવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના સગાઓને ગરમીના કારણે કોઈ હાલાકી ન ભોગવવી પડે તેની પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

તબીબી નિષ્ણાતો અને હોસ્પિટલ તંત્ર દ્વારા સામાન્ય જનતાને પણ ગરમીથી બચવા માટે ખાસ સાવચેતી રાખવા અને તકેદારીના પગલાં લેવા અપીલ કરવામાં આવી છે. ડો. હર્ષદ દૂસરાએ જણાવ્યું કે, જ્યારે હીટવેવ જેવી સ્થિતિ હોય ત્યારે લોકોએ ખાસ કરીને સુતરાઉ કપડાં પહેરવા જોઈએ અને શરીરને શક્ય તેટલું ઢાંકીને રાખવું જોઈએ. ખાસ કરીને બપોરે 1થી 4 વાગ્યાના સમયગાળામાં, જ્યારે સૂર્યનો તાપ સૌથી વધુ હોય છે, ત્યારે બિનજરૂરી કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળવું હિતાવહ છે. જે લોકોને વ્યવસાય કે નોકરીના કારણે બહાર નીકળવું પડે તેમ હોય, તેમણે સાથે લીંબુ શરબત, ગોળનું પાણી અથવા સાદું પાણી રાખવું જોઈએ અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેતા રહેવું જોઈએ.

વધુમાં, તેઓએ સલાહ આપી છે કે તડકામાંથી આવ્યા બાદ તરત જ એસી (AC) માં જવાને બદલે થોડીવાર સામાન્ય વાતાવરણમાં બેસવું જોઈએ. જો કોઈ વ્યક્તિને અચાનક ચક્કર આવે, ઉલટી-ઉબકા થાય, આંખે અંધારા લાગે કે ગભરામણ જેવું અનુભવાય, તો તેને વિલંબ કર્યા વગર તુરંત નજીકના દવાખાને અથવા સિવિલ હોસ્પિટલના આ સ્પેશિયલ વોર્ડમાં સારવાર માટે લઈ આવવા જોઈએ. આ સમયગાળામાં બહારના ખુલ્લા ખોરાક કે ઠંડા પીણાં લેવાને બદલે શુદ્ધ પાણી અને ઘરના તાજા ખોરાકનો આગ્રહ રાખવો જોઈએ. સિવિલ હોસ્પિટલનું તંત્ર હાલમાં કોઈપણ કટોકટીને પહોંચી વળવા માટે સાધન-સામગ્રી અને નિષ્ણાત સ્ટાફ સાથે સજ્જ હોવાનો દાવો પણ તેમણે કર્યો છે.

તબીબી નિષ્ણાતો અને હોસ્પિટલ તંત્ર દ્વારા સામાન્ય જનતાને પણ ગરમીથી બચવા માટે ખાસ સાવચેતી રાખવા અને તકેદારીના પગલાં લેવા અપીલ કરવામાં આવી છે. ડો. હર્ષદ દૂસરાએ જણાવ્યું કે, જ્યારે હીટવેવ જેવી સ્થિતિ હોય ત્યારે લોકોએ ખાસ કરીને સુતરાઉ કપડાં પહેરવા જોઈએ અને શરીરને શક્ય તેટલું ઢાંકીને રાખવું જોઈએ. ખાસ કરીને બપોરે 1થી 4 વાગ્યાના સમયગાળામાં, જ્યારે સૂર્યનો તાપ સૌથી વધુ હોય છે, ત્યારે બિનજરૂરી કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળવું હિતાવહ છે. જે લોકોને વ્યવસાય કે નોકરીના કારણે બહાર નીકળવું પડે તેમ હોય, તેમણે સાથે લીંબુ શરબત, ગોળનું પાણી અથવા સાદું પાણી રાખવું જોઈએ અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેતા રહેવું જોઈએ.

વધુમાં, તેઓએ સલાહ આપી છે કે તડકામાંથી આવ્યા બાદ તરત જ એસી (AC) માં જવાને બદલે થોડીવાર સામાન્ય વાતાવરણમાં બેસવું જોઈએ. જો કોઈ વ્યક્તિને અચાનક ચક્કર આવે, ઉલટી-ઉબકા થાય, આંખે અંધારા લાગે કે ગભરામણ જેવું અનુભવાય, તો તેને વિલંબ કર્યા વગર તુરંત નજીકના દવાખાને અથવા સિવિલ હોસ્પિટલના આ સ્પેશિયલ વોર્ડમાં સારવાર માટે લઈ આવવા જોઈએ.

# નારોલમાં સામાન્ય અકસ્માત બાબતે લાકડીઓ અને ડંડા વડે મારામારી:ત્રણ મહિલા ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા, પોલીસ કર્મીએ દંડા લઇને આવેલા શખસોને ભગાડ્યા

• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મારામારીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. જાહેરમાં લાકડી, ડંડા અને છરી વડે માર મારવો સામાન્ય બાબત બની ગઈ છે. નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે સામાન્ય અકસ્માતની ઘટનામાં વચ્ચે પડતા મારામારી થઈ હતી. મહિલા અને તેના પતિ અન્ય સાગરીતો સાથે આવી સ્થાનિક મહિલા તેમજ તેના પાડોશી સાથે મારામારી કરી હતી. પોલીસને જાણ કરવામાં આવતા નારોલ પોલીસની ગાડી ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસની હાજરીમાં જ અસામાજિક તત્વો લાકડી અને દંડા લઈને વધુ માર મારવા જતા હતા. જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા અને ત્યારબાદ સમગ્ર મામલે નારોલ પોલીસે બંને પક્ષો અંગેની ફરિયાદ લઈ વધુ તપાસ શરૂ કરી છે.




મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે હુસેનાબાનુ પઠાણ તેની બહેન શબનમ સાથે રહે છે. 29 એપ્રિલના રોજ રાત્રે 10 વાગ્યે સોસાયટી પાસે બે અજાણ્યા વ્યક્તિ વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો. જેમાં આયેશાબાનુનો ભત્રીજો ઓસામા વચ્ચે પડ્યો હતો ત્યારે ત્યાં શબનમબાનુએ વચ્ચે પડવાની ના પાડતા ઓસામા ઉશ્કેરાઈ ગયો હતો અને શબનમને ગાળાગાળી કરવા લાગ્યો હતો. બાદમાં આયેશાબાનુએ ફોન કરીને બોલાવતા થોડીવારમાં તેનો દીકરો રેહાન અને પતિ સાજીદ સહિત અલગ અલગ માણસોને બોલાવીને લાવ્યા હતા અને લાકડીઓ તેમજ દંડા વડે મારામારી કરી હતી. ઝઘડો થતા પાડોશી મુવીનાબાનુ ત્યાં આવી ગયા હતા અને રેહાન નામના વ્યક્તિએ તેના હાથમાં રહેલો ડંડો મારી દીધો હતો. મારામારીમાં ત્રણ મહિલાઓને ઈજા થઈ હતી.

10થી 15 લોકો હાથમાં લાકડીઓના ડંડા લઈ સામસામે મારામારી કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે 112 નંબર પર ફોન કરવામાં આવ્યો હતો. જેથી તાત્કાલિક ધોરણે નારોલ પોલીસની ગાડી સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે પોલીસ કર્મચારી દ્વારા બનાવને અટકાવવા માટે હાથમાં જેટલા પણ લોકો લાકડીઓ અને ડંડા લઈને જઈ રહ્યા હતા તેને રોકવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારીએ હાથમાં લાકડી લઈને જે પણ લોકો હાથમાં લાકડીઓ ડંડા લઈને આવ્યા હતા તેમને પરત મોકલી દીધા હતા.

શહેરના મણીનગર વિસ્તારમાં પણ પૈસા લેવાની બાબતે મારામારીની ઘટના બની હતી મણિનગરમાં રહેતા માતુલ પંડ્યા નામના યુવકના સંબંધીની દુકાને તેઓ હાજર હતાં. ત્યારે ચાર જેટલા લોકો આવ્યા હતા અને બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી કરી હતી ગાળા ગાળી કરી અને બોલાચાલી કરી હતી. જેમાં છરી અને ચપ્પુ લઈને મારવા જતા તેને રોકવામાં આવ્યા હતા. બાકી નીકળતા પૈસાને લઈને યુવકના સંબંધી અને તેના પિતાને ગાળા ગાળી કરી હતી અને ધક્કો મારીને પાડી દીધા હતા આ સમગ્ર મામલે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

શબનમ નામની મહિલાએ જણાવ્યું હતું કે મારા ભાણીયાના લગ્ન હતા ત્યારે અકસ્માતની સામાન્ય ઘટના બની હતી. જેમાં આયેશાને ફોન કર્યો કે તમારા છોકરાઓની માથાકૂટ થઈ છે પરંતુ બીજા લોકોની માથાકૂટ હતી ત્યારબાદ લાકડીઓને દંડાઓ સાથે લોકોને લઈને આવી હતી અને મારામારી અને તોડફોડ કરી હતી. જેમાં મારી બહેન અને પાડોશીને ઈજા થઈ હતી. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે આયેશા દારૂ અને ગાંજાનો ધંધો કરે છે. અગાઉ પણ ત્રણ વખત આવા બનાવ બની ચૂક્યા છે.

લાકડીઓ અને ડંડા વડે માર મારવામાં આવ્યો છે અને તમામના ફોટા પણ અમારી પાસે છે. નારોલ પોલીસ દ્વારા બંને પક્ષે સામ સામે મારા મારી અંગેની ફરિયાદ લઈને એકબીજા વિરુદ્ધ ચારથી પાંચ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. અકસ્માત જેવી સામાન્ય બાબતમાં બે પરિવારના લોકો આમને સામને આવી જઈ અને મારા મારી કરી હતી. પોલીસે આરોપીઓને પકડવાની તજવીજ શરૂ કરી છે.

# કરિયાણાની દુકાનમાં બોલાવી 47 વર્ષીય દુકાનદારે અડપલાં કર્યાં, સચિન GIDCમાં આરોપીની દુકાન સામે સ્થાનિકોનો હોબાળો

## પેપ્સી આપવાના બહાને 11 વર્ષની બાળકીની છેડતી

• સુરત

સુરતમાં મહિલાઓ અને બાળકીઓ વિરુદ્ધના ગુનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સચિન GIDC પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કનસાડ રોડ પર એક શરમજનક ઘટના સામે આવી છે. ગોકુલધામ સોસાયટીમાં કરિયાણાની દુકાન ચલાવતા 47 વર્ષીય પ્રભુલાલ માલીએ 11 વર્ષની માસૂમ બાળકી સાથે છેડતી કરતા સમગ્ર વિસ્તારમાં રોષ ફેલાયો છે. ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો, લોકોએ આરોપીની દુકાન ની બહાર એકત્ર થઈ વિરોધ નોધાવ્યો હતો.



30 એપ્રિલે ગુરુવારે સવારે આશરે 11 વાગ્યે, 11 વર્ષની બાળકી પ્રભુલાલની દુકાને પાવડર લેવા ગઈ હતી. પાવડર લીધા બાદ બાળકીએ બાજુની આઈસ્ક્રીમની દુકાનમાં પેપ્સી વિશે પૂછપરછ કરી હતી. તે સમયે દુકાનમાં અન્ય કોઈ ગ્રાહક ન હોવાથી, આરોપીએ બાળકીને લાલચ આપી કે, 'પેપ્સી અંદર ફ્રીજમાં છે, તું જાતે લઈ લે.' માસૂમ બાળકી જેવી દુકાનની અંદર ફ્રીજ પાસે પહોંચી, આરોપીએ તેની સાથે અડપલાં કરવાનું શરૂ કર્યું. એટલું જ નહીં બાળકીના છાતીના ભાગે હાથ ફેરવી અડપલાં કરતા હેબતાઈ ગઈ હતી. બાળકી હિંમત દાખવી નરાધમની પકડમાંથી છૂટીને સીધી ઘરે ભાગી હતી અને રડતા રડતા પોતાની માતાને આપવીતી જણાવી હતી.

ઘટનાની જાણ થતા જ ગોકુલધામ સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં દુકાન બહાર એકઠા થઈ ગયા હતા. સ્થાનિક મહિલાઓએ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવા નરાધમોનું તો મોઢું કાળું કરવું જોઈએ જેથી સમાજમાં દાખલો બેસે. આજે એક બાળકી સાથે થયું, કાલે બીજી દીકરીઓ સાથે પણ થઈ શકે. અમને આવો માણસ સોસાયટીમાં નથી જોઈતો.

આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ફૂટેજમાં આરોપી બાળકી સાથે છેડતી કરતો સ્પષ્ટપણે દેખાઈ આવતા પોલીસ માટે તે મહત્વનો પુરાવો સાબિત થયો છે. 47 વર્ષીય આધેડ વ્યક્તિએ પોતાની દીકરી સમાન બાળકી સાથે કરેલું આ કૃત્ય જાણીને લોકોમાં ધૃણા ફેલાઈ છે.

# અમદાવાદમાં કેન્સરના દર્દીઓ માટે આશાનું નવું કિરણઃ GCS હોસ્પિટલ ખાતે અત્યાધુનિક રેડિયેશન થેરાપી અને PET સ્કેન સેન્ટરનો પ્રારંભ

• અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સ્થિત જીસીએસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર દ્વારા કેન્સરની સારવાર માટે શહેરના સૌથી અદ્યતન ડેસ્ટિનેશનની જાહેરાત કરવામાં આવી છે. જીસીએસ હોસ્પિટલના COO ડૉ. જગદીશ ખોયાણી અને રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડૉ. ચિન્મયકુમાર પ્રજાપતિના જણાવ્યા અનુસાર, જીસીએસ હોસ્પિટલ હવે અમદાવાદની એકમાત્ર એવી ખાનગી મેડિકલ કોલેજ બની છે જે પોતાના કેમ્પસમાં જ PET-CT સ્કેન અને એડવાન્સ રેડિયેશન થેરાપીની સુવિધા ધરાવે છે.




જીસીએસ ખાતે કેન્સરના નિદાનથી લઈને સંપૂર્ણ સારવાર એક જ સ્થળે ઉપલબ્ધ છે. જેમાં PET-CT, સીટી સ્કેન, તમામ પ્રકારની કેન્સર સર્જરી, કીમોથેરાપી, રેડિયેશન થેરાપી, ઈમ્યુનોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને પેલિએટિવ કેરનો સમાવેશ થાય છે. આ માટે 5,400 ચોરસ મીટરમાં ફેલાયેલું એક સમર્પિત કેન્સર કેર કેમ્પસ તૈયાર કરવામાં આવ્યું છે, જે માત્ર કેન્સરના દર્દીઓની વિશેષ કાળજી માટે કાર્યરત છે.

હોસ્પિટલ ખાતે અત્યાધુનિક 'ટ્રુબીમ' (TrueBeam) ટેકનોલોજી ઉપલબ્ધ છે, જે કેન્સરના કોષો પર સચોટ પ્રહાર કરી દર્દીની સુરક્ષા અને ઝડપી રિકવરી સુનિશ્ચિત કરે છે. આ કેન્દ્રમાં મેડિકલ ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી, રેડિયેશન ઓન્કોલોજી અને ન્યુક્લિયર મેડિસિન જેવા વિવિધ વિભાગોના નિષ્ણાત ડોક્ટરોની ટીમ સેવારત છે.

જનકલ્યાણના હેતુથી અહીં આયુષ્માન ભારત (PMJAY) યોજના હેઠળ પાત્રતા ધરાવતા દર્દીઓને કેન્સરની તમામ સારવાર તદ્દન મફત આપવામાં આવે છે. મહત્વની વાત એ છે કે, જે દર્દીઓ આયુષ્માન કાર્ડ ધરાવતા નથી, તેઓને પણ PMJAY પેકેજ રેટ મુજબ જ રાહત દરે સારવાર આપવામાં આવશે અને કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહીં. આ ઉપરાંત વિવિધ TPA અને સરકારી યોજનાઓ હેઠળ કેશલેસ સારવારની સુવિધા પણ ઉપલબ્ધ છે.

# મહાન સંગીતકાર સ્વ શંકરજીની ૪૦મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ આપતા સુરીલે નગ્મો કી મેલોડિયસ બરસાત કાર્યક્રમને અદભુત સફળતા

તાજેતરમાં ભાવનગર ખાતે યશવંતરાય નાટ્યગૃહમાં ડૉ એન પી કુહાડીયા સંચાલિત સૌમ્ય કરાઓકે ક્લબ પ્રસ્તુત મહાન સંગીતકાર શંકર-જયકીશનની જોડી માના 'સ્વ શંકરજીની ૪૦મી પૂણ્યતિથી નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પતા કાર્યક્રમ 'સુરીલે નગ્મો કી મેલોડિયસ બરસાત' અદભુત સફળતાને વર્યો હતો કાર્યક્રમનું ટાઈટલ મ્યુઝિકથી શરુઆતથી છેલ્લે કલાસિકલ મેડલી સુધી શ્રોતાઓ તાળીઓના ગડગડાટ વરસાવતા રહ્યા હતા ભાવનગરના ઈતિહાસના ફિલ્મ સંગમનાં 'એ મેરા પ્રેમપત્ર'ગીતને 'પ્રિલ્યુડ'સાથે પહેલી વખત રજૂ કરવામાં આવેલ જેથી શ્રોતાઓ ડોલી ઉઠ્યા હતા સમગ્ર કાર્યક્રમ દરમિયાન શંકર જયકીશનના એક એક થી ચડિયાતા ગીતોની બરસાત બરસી રહી વચ્ચે કલાક્ષેત્રે આગવું પ્રદાન કરનાર વીપીનભાઈ ડાભી. હિરેન વૈષ્ણવ, ઓરકેસ્ટ્રીયનો રાજેશ મહેતા, તુષાર



ગોસાઈ(રાજકોટ)અશોક સાગઠિયા(એકોરડીયન રાજકોટ), મોન્ટુ કાંમ્બડ, હુમાંશુ ભટ્ટ, ઉત્સવ પરમાર, શુભમ ભટ્ટી વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું રંગદર્શી સંચાલન ભાવિકાબેન લંગાળીયાએ કર્યું હતું જ્યારે કાર્યકમના પ્રેરણાસ્ત્રોત કલા મર્મજ્ઞ મનુભાઈ દીક્ષિત 'ડીગાજી' તથા કુશલ દીક્ષિત અને ભાવિન સોલંકીએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

## બનાસકાંઠા જિલ્લા ભાજપા કાર્યાલય 'શ્રી બનાસ કમલમ' ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 'બનાસ વિજ્યોત્સવ' કાર્યક્રમ યોજાયો

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને 'તૃષ્ટીકરણની જગ્યાએ સંતુષ્ટીકરણ'ની રાજનીતિ આપી છે : જગદીશભાઈ વિશ્વકર્મા

### બનાસકાંઠામાં ચારેય તરફ લહેરાયેલો ભાજપાનો ભગવો એ જનતાના અતૂટ વિશ્વાસ અને કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમનું પરિણામ છે : જગદીશભાઈ વિશ્વકર્મા

• પ્રશાંત વાળા

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા બનાસકાંઠા જિલ્લા ભાજપા કાર્યાલય 'શ્રી બનાસ કમલમ' ખાતે આયોજિત 'બનાસ વિજ્યોત્સવ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ માં અંબા ના જયઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં ચારેય તરફ લહેરાયેલો ભાજપાનો ભગવો એ જનતાના અતૂટ વિશ્વાસ અને કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમનું પરિણામ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશને નાત-જાત અને પ્રાંતવાદની રાજનીતિથી મુક્ત કરી 'વિકાસની રાજનીતી'ની જે ભેટ આપી છે, તેનાથી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસની બુલેટ ટ્રેન આજે ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી છે.





શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિજયનો શ્રેય સંગઠનને આપતા કહ્યું કે, રાજ્યના 50 હજાર બૂથ અને બનાસકાંઠાના 2025 બૂથ પર ભાજપનો કાર્યકર્તા રાત-દિવસ જોયા વગર લડ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપે છેલ્લા 30 વર્ષનો ઈતિહાસ રચ્યો છે. તેમણે ઉમેર્યું કે, ભાજપનો કાર્યકર્તા માત્ર ચૂંટણી ટાણે જ નહીં, પણ 365 દિવસ સેવા અને સમર્પણના ભાવથી જનતાની વચ્ચે રહે છે, જે ભાજપની સાચી ઓળખ છે.

કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા તેમણે જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં 31 વર્ષ બાદ જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો છે. તેમણે ટકોર કરી કે, જેઓ પોતાને આ જ્ઞાતિ કે તે જ્ઞાતિના નેતા ગણાવતા હતા અને ભાજપના ગઢમાં ગાબડું પાડવાની વાતો કરતા હતા, તેમને જનતાએ તેમના જ ગઢમાં જડબાતોડ જવાબ આપ્યો છે. જ્ઞાતિવાદ ફેલાવનારા કોંગ્રેસના નેતાઓને બનાસની જનતાએ પાણીચું આપ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, નારી વંદના અધિનિયમનું અપમાન કરનારી બહેનને બનાસની નારીશક્તિ ક્યારેય માફ નહીં કરે અને આગામી દિવસોમાં તેનો કરારો જવાબ આપશે.

વિજયના આંકડા રજૂ કરતા તેમણે જણાવ્યું કે, 15 મહાનગરપાલિકામાં 100% સ્ટ્રાઈક રેટ સાથે અને નગરપાલિકામાં 84 માંથી 76માં, જિલ્લા પંચાયતમાં 34 માંથી 33માં, તાલુકા પંચાયતમાં 260 માંથી 229માં ભાજપાનો ભગવો લહેરાયો છે. કુલ 393 એકમોની અંદર 10 હજાર કાર્યકર્તાઓ ચૂંટણી લડતા હતા આખા રાજ્યમાં 90 ટકા કરતા વધુ સંસ્થાઓમાં સ્પષ્ટ અને જંગી બહુમતોથી ભાજપાને વિજય અપાવી વિકાસને તેમજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જનતાએ જનસમર્થન આપ્યું છે.

જિલ્લા-તાલુકા પંચાયતોમાં 90% થી વધુ બેઠકો પર ભવ્ય વિજય મેળવી ભાજપે પ્રચંડ જનસમર્થન હાંસલ કર્યું છે. બનાસકાંઠામાં 48 માંથી 32 બેઠકો સાથે જિલ્લા પંચાયત અને પાલનપુર, ડીસા તથા 18 વર્ષ બાદ ધાનેરા નગરપાલિકામાં ભવ્ય વિજય એ વિકાસવાદનો વિજય છે. સહકારિતાના ક્ષેત્રે બનાસકાંઠાના મોડેલની પ્રશંસા કરતા શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે, શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારી માળખું મજબૂત બન્યું છે અને આજે બનાસ ડેરીના માધ્યમથી શ્વેતક્રાંતિનો ડંકો આખા દેશમાં વાગી રહ્યો છે.

અંતમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને 'તૃષ્ટીકરણની જગ્યાએ સંતુષ્ટીકરણ'ની જે રાજનીતિ આપી છે, તેના કારણે આગામી 2027 અને 2029ની ચૂંટણીઓમાં પણ ભાજપ ભવ્ય ઐતિહાસિક પરિણામો સાથે વિજયી બનશે. તેમણે ઉમેર્યું કે, જેમ માં અંબાના શિખર પર ધ્વજા કાયમ ફરકે છે, તેમ ગુજરાતમાં ભાજપનો ભગવો પણ સદાય લહેરાતો રહેશે. તેઓએ ૪ એપ્રિલે આવનાર ૫ રાજ્યોના વિધાનસભા ચુંટણીના પરિણામમાં ભાજપાના ભવ્ય વિજયનો આત્મવિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીશ્રી પ્રવિણભાઈ માણી, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી નટુજી ઠાકોર, પ્રદેશ મંત્રીશ્રી સંજયભાઈ દેસાઈ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી કિર્તીસિંહ વાઘેલા, પ્રભારીશ્રી ધવલભાઈ દવે, પુર્વ કેન્દ્રિયમંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, સાંસદશ્રી બાબુભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો, અગ્રણીઓ, નવા ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ સહિ કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષીપ્ત સમાચાર

### પાટણ નગરપાલિકાઃ પીનલ સોલંકીની વિજયી હેટ્રિકઃમહિલા ઉમેદવારોમાં સૌથી વધુ મતો સાથે જનરલ સીટ પર જીત

• પાટણ

પાટણ નગરપાલિકાની 2026ની ચૂંટણીના પરિણામોમાં વોર્ડ નંબર 10ના ઉમેદવાર પીનલ સોલંકીએ નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. અનુસૂચિત જાતિ સમાજના આ મહિલા ઉમેદવારે જનરલ સીટ પર ચૂંટણી લડીને શહેરમાં જીતેલા તમામ મહિલા ઉમેદવારોમાં સૌથી વધુ 4194 મતો મેળવી વિજયની હેટ્રિક પૂરી કરી છે.ચૂંટણી પરિણામો બાદ વોર્ડ નંબર 10ની બેઠક શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. પક્ષીય કાવાદાવા અને આંતરિક ખેંચતાણ વચ્ચે પણ પીનલ વિપુલભાઈ સોલંકીએ સતત ત્રીજી ટર્મમાં વિજય જાળવી રાખી હેટ્રિક નોંધાવી છે. તેઓ મીરા દરવાજા વણકરવાસના રહેવાસી છે.નોંધનીય છે કે તેમણે અગાઉ કોંગ્રેસમાંથી, ત્યારબાદ ભાજપમાંથી અને આ ચાલુ વર્ષે ફરી કોંગ્રેસના નિશાન પર ચૂંટણી લડી હતી. પક્ષ બદલાવા છતાં મતદારોએ તેમના પર વિશ્વાસ મૂકી તેમને પસંદ કર્યા છે.

### સાવજ ડેરીના ચેરમેને જવાહર ચાવડાની 'શિખંડી' સાથે સરખામણી કરી



• જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાં સાવજ ડેરીના ચેરમેન અને પૂર્વ મંત્રી જવાહર ચાવડા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી રાજકીય લડાઈ વધુ તેજ બની છે. પાલિકા-પંચાયતની ચૂંટણી સમયે કણજા બેઠક પર ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહેલા સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારીયાના પુત્રવધૂની આપના ઉમેદવાર સામે હાર થતા રાજનીતિ ગરમાઈ છે.

વંથલી પાસે આવેલી સાવજ ડેરીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ભાજપ નેતા અને સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખાટરીયાએ ખુલ્લીને પ્રહાર કરતા કહ્યું- મારી જવાહર ચાવડા સામે રાજકીય લડાઈ છે. જો તેમનામાં તાકાત હોય તો ખુલ્લીને સામે આવવું જોઈએ શિખંડીની જેમ પીઠ પાછળ ખંજર ભોંકવાનું બંધ કરવું જોઈએ.

દિનેશ ખટારીયાએ ભૂતકાળના આંકડાઓ ટાંકીને જવાહર ચાવડાના નેતૃત્વ પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે જ્યારે જવાહર ચાવડા માણાવદર વિધાનસભાના પ્રતિનિધિ હતા અને કેબિનેટ મંત્રી તરીકે સત્તા ભોગવતા હતા, ત્યારે 2021ની ચૂંટણીઓમાં ભાજપની હાલત અત્યંત દયનીય હતી. તે સમયે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં ભાજપને માંડ 6 બેઠકો મળી હતી અને માણાવદર તેમજ વંથલી જેવા ગઢ ગણાતા વિસ્તારોમાં પણ પક્ષની પકડ નબળી પડી હતી.ખટારીયાએ વધુમાં ઉમેર્યું હતું કે તે સમયે પૂર્વ મંત્રીના શાસનમાં સંગઠન નબળું પડ્યું હતું.

### ગાંધીનગરના પાલજ પાટીયા પાસે પુરપાટ દોડતી કારે બાઈકસવારને કચડ્યોઃરાંધેજાના યુવકનું ટૂંકી સારવાર બાદ મોત, પ્રસંગમાંથી પરત ફરી રહેલા પરિવારમાં માતમ છવાયો

• ગાંધીનગર

ગાંધીનગર ચિલોડા હાઈવે પર પાલજ ગામના પાટીયા પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રાંધેજા ગામના યુવકનું અકાળે અવસાન થયું છે. પૂરપાટ ઝડપે કારના ચાલકે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા આ અકસ્માત યુવકનું મોત નીપજતા લગ્ન



પ્રસંગમાંથી પરત ફરી રહેલા પરિવારમાં માતમ છવાઈ ગયો છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, રાંધેજા ગામના ઠાકોર વાસમાં રહેતા અને મજૂરી કામ કરતા કરણજી બળદેવજી ઠાકોર બાઈક લઈને પાલજ પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી ફોર વ્હીલર ગાડી (નં.GJ-18BJ-3334)ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી કરણજીની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માતમાં કરણજીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે આસપાસના લોકો દોડી ગયા હતા.

#### આજથી હેલ્મેટ પહેરીને નીકળજો

## રાજ્યભરમાં ટુ વ્હીલર લઈને જતા વાહન ચાલકોએ હેલ્મેટ પહેરવું ફરજિયાત, પોલીસ પકડશે તો 500નો દંડ થશે

ગુજરાત રાજ્યમાં ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ હવે નાગરિકો ઉપર ફરીથી નિયમોના ભંગ બદલ દંડનીય કાર્યવાહી કડક કરવા માટે ગુજરાત પોલીસ સક્રિય બની ગઈ છે. આજે 1મેથી 31 મે સુધી રાજ્યભરમાં હેલ્મેટ ન કરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ડ્રાઈવ કરવામાં આવશે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ટુ વ્હીલર ચાલકો ફરજિયાત હેલ્મેટ પહેરે તેના માટે આ ડ્રાઈવ યોજવામાં આવી છે. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ નિયમોનું પાલન કરે તેના માટે સરકારી કચેરી પાસે પણ ટ્રાફિક પોલીસ મૂકવા અને કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.



સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક મકરંદ ચૌહાણ દ્વારા પરિપત્ર કરી જાણ કરવામાં આવી છે કે, વર્ષ 2025માં જુલાઈ મહિનામાં ગુજરાત રોડ સેફટી ઓથોરીટી અને સ્ટેટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક મળી હતી.

જે બેઠકમાં સુરત શહેરમાં હેલ્મેટની અમલવારી ખૂબ સારી રીતે થઈ હોવાથી તે મુજબ અમદાવાદ, રાજકોટ, વડોદરા જેવા મોટા શહેરોમાં પણ તબક્કાવાર હેલ્મેટની ચુસ્તપણે અમલવારી કરવા તેમજ રાજયના અન્ય શહેર/જીલ્લાઓ ખાતે કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું. જે સૂચના આધારે રાજ્યના તમામ શહેર/જીલ્લાઓ ખાતે દ્વિ-ચક્રી વાહન (મોટર સાઈકલ, સ્કુટર વગેરે) ચલાવનાર તેમજ પાછળ બેસનારે ફરજીયાત હેલ્મેટનો ઉપયોગ કરવાનો હોય છે.

ટુ વ્હીલરચાલકો ફરજીયાત હેલ્મેટનો ઉપયોગ કરે તે માટે આજે 1મેથી 31 મે સુધી 'ડ્રાઈવનું આયોજન' કરવામાં આવ્યું છે. રાજયમાં હેલ્મેટના નિયમનું અમલ રાજયના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટે તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસ મૂકી કરી અસરકારક કાર્યવાહી કરવાની રહેશે. હેલ્મેટ ડ્રાઈવ અંગેની અમલવારી શહેર/જીલ્લાના વડાએ સુનિશ્ચિત કરવા/કરાવવાની રહેશે.

શહેર/જીલ્લા ખાતે હેલ્મેટના નિયમ ભંગ બદલ સરકારી અધિકારી અને કર્મચારીઓ તેમજ બિન સરકારી (અન્ય) ટુ વ્હીલર ચાલકો રોજે-રોજ કરેલ કાર્યવાહીનો અહેવાલ બીજા દિવસે સવારના 8 વાગ્યા સુધીમાં સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચને મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

#### બોટાદમાં રાજપૂત શેરીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## LCBએ 1705 બોટલ દારૂ, 480 બિયર સાથે 3.30 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો




• બોટાદ

બોટાદ LCB પોલીસે રાજપૂત શેરીમાં એક રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ 3,30,168 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

LCB પોલીસને મળેલી બાતમીના આધારે, PI જી.એમ.પાવરા, PSI એચ. એ. વસાવા, પો. કો. ફતેસિંહ લીબોળા અને રાજેન્દ્રસિંહ ડોડીયાની ટીમે રાજપૂત શેરીમાં દરોડો પાડ્યો હતો.આ દારૂનો જથ્થો શહેરની રાજપૂત શેરીમાં રહેતા વાસુદેવસિંહ દિલીપસિંહ ગોહિલના મકાનમાંથી મળી આવ્યો હતો.

પોલીસે મકાનમાં તપાસ કરતા ૧૭૦૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત 2,70,168 આંકવામાં આવી છે. આ ઉપરાંત, 480 બિયરના ટીન પણ જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત 60,000 છે.LCB પોલીસે કુલ 3,30,168 નો મુદ્દામાલ કબજે કરીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ICSE અને ISC ધો.10 અને 12નું પરિણામ જાહેર કરાયું:ધો. 10નું 99.30 ટકા અને ધો. 12નું 98.95 ટકા પરિણામ જાહેર

• અમદાવાદ

ICSE અને ISC બોર્ડની ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 10નું 99.30 ટકા અને ધોરણ 12નું 98.95 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં પરીક્ષાની આયોજન લેવામાં આવી હતી. જો કે આ વખતે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ વધુ આવ્યું છે. જો કે વિવાદિત સેવન્થ ડે સ્કૂલનું પરિણામ જાહેર કરવામાં ન આવ્યું હોવાનું સામે આવ્યું છે. ટેક્નિકલ કારણના કારણે પરિણામ જાહેર ન થયું હોવાનો સેવન્થ ડે સ્કૂલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

ICSE બોર્ડની ધોરણ 10ની 67 વિષયોની પરીક્ષા 20 ભારતીય ભાષાઓ, 14 વિદેશી ભાષાઓ અને એક ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. બીજી તરફ ISCની ધોરણ 12ની 45 વિષયોની પરીક્ષા 13 ભારતીય ભાષાઓ, બે વિદેશી ભાષા અને 2 ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ 99.46 ટકા જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 98.93 ટકા જાહેર કરવામાં આવ્યું છે.જોકે, મહત્વનું છે કે વિદ્યાર્થીની હત્યા બાદ વિવાદમાં આવેલી સેવન્થ ડે સ્કૂલના



વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. સેવન્થ ડે શાળા સંચાલકોની બેદરકારીના કારણે હજારો વિદ્યાર્થીઓનું પરિણામ અટવાયું છે. જો કે પરિણામ જાહેર ન થતા વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે. જ્યારે બીજી તરફ શાળા દ્વારા વાલીઓને આવતીકાલે પરિણામ આવી જશે તેવો મેસેજ કરીને આશ્વાસન આપવામાં આવ્યું છે.

## રાજકોટ-ભાવનગર હાઈવે પર અકસ્માત:મીની ટેમ્પો પલ્ટી મારી જતા આધેડનું મોત, સુરતના પતિ-પત્ની અને ચાર સંતાનો સહિત 11 લોકો ઈજાગ્રસ્ત

• રાજકોટ

રાજકોટ ભાવનગર હાઈવે પર વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં કાળીપાટ ગામ નજીક રાજ ખોડલ હોટલ પાસે યુટર્ન લઈ રહેલી ફોર વ્હીલરને બચાવવા જતા ટાટા કંપનીનું મીની આઈસર જેવું માલવાહક વાહન પલ્ટી મારી જતા ભીમાભાઈ અમરશીભાઈ મકવાણા નામના આધેડનું મોત નીપજ્યું છે જયારે વાહનમાં સવાર 11 લોકોને ઈજા પહોંચતા 10 લોકોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જયારે ચાલકને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગેની જાણ થતા આજીડેમ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવા જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ જસદણ તાલુકાના રહેવાસી અને હાલ સુરત રહેતા ચોવસીયા પરિવારના માતા-પિતા અને તેના ચાર સંતાનો સહીત એક જ પરિવારના કુલ 6 લોકો ઈજાગ્રસ્ત થતા સુરત પહોંચે તે પહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામા આવ્યા છે.એક મોટર કારને બચાવવા જતા દૂધના કેન અને 7 મુસાફર સહીત 12 લોકો સાથે સવાર મીની આઈસર જેવું જીજે.03.બીવાય.5551 નંબરનું માલ વાહક વાહન પલ્ટી મારી જતા ટેમ્પોમાં સવાર એક આધેડનું મોત નીપજ્યું છે. જસદણ તાલુકાના વડાળી ગામના રહેવાસી વાહન ચાલક માંડલભાઈ ગુંજાભાઈ માંડને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.અકસ્માતમા ઈજાગ્રસ્ત જીતેશભાઈ ધીરુભાઈ ચોવસીયા (ઉ.વ.27) તેમના પત્ની અંજલીબેન ચોવસીયા (ઉ.વ.25), પુત્ર અનુસ ચોવાસીયા (ઉ.વ.5), પુત્રી મિતલ ચોવાસીયા (ઉ.વ.8), પુત્ર કાર્તિક ચોવાસીયા (ઉ.વ.5) અને પુત્રી નતાશા ચોવાસીયા (ઉ.વ.7) મૂળ દહીસરા ગામના રહેવાસી છે અને હાલ તેઓ સુરતમાં વરાછા વિસ્તારમાં રહે છે. તેઓ ભાડલા ગામે અંજલીબેન ચોવસીયાના પિયરથી માલવાહક વાહનમાં બેસી રાજકોટ આવવા રવાના થયા હતા અને રાજકોટથી ખાનગી ટ્રાવેલ્સમાં તેઓ સુરત જવાના હતા જો કે રસ્તામાં કાળીપાટ ગામ નજીક અકસ્માત સર્જાતા તમામ બાળકો સહીત પરિવારના 6 સભ્યોને હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

#### પ્રેમ, દેહ વેપાર ને ભૂતની મર્ડર મિસ્ટ્રી 34 વર્ષે ખૂલી

## રાત્રે બાજુમાં સુઇને પત્નીને પતાવી દઇ કૂવામાં લાશ નાખી ચણતરકામ કર્યું, અમદાવાદના બંધ ઘરમાંથી હવે હાડકાં મળ્યા




• અમદાવાદ

અમદાવાદના વટવામાં આવેલા કુતુબનગરમાં 1992માં પતિએ જ પત્નીની હત્યા કરીને લાશ દાટી હતી. જેનો ભેદ 29 એપ્રિલ, 2026ના રોજ ખુલ્યો હતો. આ મર્ડર મિસ્ટ્રી એક નજરે જોનાર સાક્ષીના કારણે ઉકેલાઈ છે. પતિએ તેના ભાઈ અને મિત્રો સાથે મળીને પત્નીને પતાવી દઈને ઘરમાં જ દાટી દીધી હતી.

આ કેસમાં હવે એક નવો ખુલાસો થયો છે. પત્ની દેહ વેપાર સાથે સંકળાયેલી હોવાથી પતિએ તેનાથી છૂટકારો મેળવવા હત્યા કરી હોવાનો પોલીસ તપાસમાં ઘટસ્ફોટ થયો છે. આ હત્યા કેસના ચાર આરોપી પૈકી બે આરોપીના મોત થયા છે. જ્યારે બે આરોપીની અટકાયત કરવામાં આવી છે.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ.પી જેબલિયાની ટીમને થોડા સમય અગાઉ માત્ર એટલી માહિતી મળી હતી કે વટવાના કુતુબનગરમાં 34 વર્ષ અગાઉ યુવતીની હત્યા કરી લાશ દાટી દીધી હતી. માત્ર એટલી જ માહિતી હતી અને આટલી જ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચ કામે લાગી. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ અને તેમની ટીમ કુતુબનગરમાં સતત તપાસ કરી રહ્યા હતા.10 થી 12 દિવસ સુધી તપાસ કર્યા બાદ એક મકાન ઘણા વર્ષોથી બંધ હોવાનું ધ્યાને આવ્યું.

આ બંધ મકાન અંગે આસપાસના લોકોની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે છેલ્લા 8-10 વર્ષથી મકાન બંધ છે અને લોકોને તેમાં ભૂત હોવાનો ડર છે. જેથી અહીં કોઈ રહી શકતું નથી. આ ઘર બંધ બેસતું હોવાની શંકા પડી એટલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈએ ઉચ્ચ અધિકારીઓની પરવાનગી લઈને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની હાજરીમાં JCBથી મકાન ખોદવાનું શરૂ કર્યું. 29 એપ્રિલના સવારના 8 વાગ્યાથી ખોદવાની કામગીરી શરૂ કરી જે રાતના 10 વાગ્યા સુધી ચાલી.

જો કે બપોર સુધીમાં તો માત્ર મૃતદેહના નાના અવશેષો મળતા હતા. બપોર બાદ મૃતદેહના મોટા હાડકાં મળવા લાગ્યા. રાત સુધીમાં શરીરના મોટા ભાગના હાડકા મળી ગયા. ક્રાઈમ બ્રાન્ચનું ટીમ સાથે FSLની ટીમ પણ હાજર હતી. આ તમામ અવશેષો ભેગા કરીને અસારવા સિવિલમાં FSL અને DNA માટે મોકલવામાં આવ્યા હતા.મૃતદેહ મળવાની કામગીરી પૂરી થતા ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ આરોપીઓની પૂછપરછ શરૂ કરી. જેમાં સામે આવ્યું કે વર્ષ 1992માં ધોળકામાં રહેતી 17 વર્ષીય સમીરા(નામ બદલ્યું છે)ના લગ્ન સુરત ખાતે કરાવ્યા હતા. પરંતુ સમીરા લગ્ન સંબંધ તોડી પિયરમાં પરત આવી હતી. તેણીએ પિતાના ઘરે પરત આવીને દેહ વેપાર શરૂ કરી દીધો હતો.જો કે પરિવારને પુત્રીની આ પ્રવૃત્તિ ના ગમતા વિરોધ કરતા હતા. જેથી થોડા સમયમાં જ સમીરા પિતાનું ઘર છોડીને અમદાવાદમાં આવી ગઈ હતી. અમદાવાદમાં આવીને પણ દેહ વેપારની પ્રવૃત્તિ કરતી હતી. આ દરમિયાન સમીરાની મુલાકાત શમસુદ્દીન નામના યુવક સાથે થઈ હતી. શમસુદ્દીન પણ સમીરાને પૈસા આપીને શારીરિક સંબંધ બાંધતો હતો. શરૂઆતમાં બંને વચ્ચે આ રીતે જ સંબંધ થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમ થતા બંને લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.

શમસુદ્દીને સમીરા સાથે દેહ વેપારની પ્રવૃત્તિ ના કરવાની શરતે લગ્ન કરી લીધા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરોબર ચાલી રહ્યું હતું. પરંતુ છ-સાત મહિના બાદ શમસુદ્દીનને જાણ થઈ હતી કે સમીરા હજુ પણ દેહ વેપારની પ્રવૃત્તિઓ કરી રહી છે. શમસુદ્દીને સમીરાને સમજાવી હતી. પરંતુ સમીરા દેહ વેપાર છોડવા તૈયાર નહોતી.

## મહેસાણા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના નવનિયુક્ત જનપ્રતિનિધિઓનો અભિવાદન અને સેવા સંકલ્પ સમારોહ યોજાયો

# દેશને વિદેશમાં જઈને બદનામ કરવાની રાજનીતિ માટે કોંગ્રેસને જનતા ક્યારેય માફ નહીં કરે : જગદીશભાઈ વિશ્વકર્મા

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશને નવી દિશા આપી છે : જગદીશભાઈ વિશ્વકર્મા

• પ્રશાંત વાળા

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય ટાઉનહોલ, મહેસાણા ખાતે જિલ્લાના નવનિયુક્ત જનપ્રતિનિધિઓનો અભિવાદન અને સેવા સંકલ્પ સમારોહ યોજાયો હતો.

જગદીશભાઈ વિશ્વકર્માએ જય ઉમિયા અને જય બહુચરના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી જણાવ્યું હતું કે, ચૂંટણીમાં ભાજપના કાર્યકર્તાઓએ ધમધોખતા તાપમાં મહેનત કરીને રાજ્યભરમાં કમળ ખીલવ્યું છે. 50 હજાર બૂથ પ્રમુખો અને લાખો કાર્યકર્તાઓના પરિશ્રમ અને વરિષ્ઠ કાર્યકરોને તેમને વંદન કર્યા હતાં અને કહ્યું હતું કે, આ જીત ગુજરાતની સાડા છ કરોડ જનતાની છે, આ જીત વિકાસની છે, આ જીત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજાના વિશ્વાસની છે. જનસમર્થન વિકાસને છે, જનસમર્થન ભાજપને છે, આ જીત ગુજરાતના બૂથ પ્રમુખોની જીત છે. કાર્યકર્તા ક્યારેય પૂર્વ થતો નથી. હોદ્દા પૂર્વ થાય, પદ પૂર્વ થાય, જવાબદારી પૂર્વ થાય, પરંતુ ભાજપનો કાર્યકર્તા ક્યારેય પૂર્વ થતો નથી. કાર્યકર્તા તરીકે લાંબા સમય સુધી જોડાયેલા રહેવાની ગૌરવપૂર્ણ







પરંપરાને તેમણે ભાજપની સૌથી મોટી તાકાત ગણાવી.

તેમણે જણાવ્યું કે, પક્ષના કપરા માં કપરા કાળમા મહેસાણા ભાજપ સાથે ઉભુ રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ મહેસાણા જિલ્લાના છે. આપણને ગૌરવ છે કે આપણા જિલ્લાનું નેતૃત્વ આજે દિલ્હીથી દેશનું નેતૃત્વ કરે છે. ભાજપનો કાર્યકર્તા 365 દિવસ સેવા અને સમર્પણના ભાવ સાથે 'ચરૈવેતિ ચરૈવેતિ' ના મંત્ર સાથે કાર્યકરે છે. શ્રી મોદીજીએ માત્ર ગુજરાત નહીં પરંતુ દેશ અને વિશ્વને નવી દિશા આપી છે. રાષ્ટ્રની સુરક્ષા મજબૂત બનાવવાની બાબત હોય, સહકાર ક્ષેત્રમાં ક્રાંતિ લાવી ખેડૂતોને સશક્ત કરવાની વાત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે સમગ્ર દેશમાં ડંકો વગાડ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપે 52.5 ટકા જેટલા વોટ શેર સાથે ભવ્ય જીત મેળવી છે. છેલ્લા 25-30 વર્ષથી મળતું જનસમર્થન એ વિકાસની રાજનીતિનું પરિણામ છે, જે શ્રી મોદીજીએ દેશને આપી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર સતત પ્રજાના વિકાસ માટે કાર્યરત છે અને અતિવૃષ્ટિના સમયમાં સરકાર ખેડૂતોની વચ્ચે રહી મદદરૂપ બની છે.

વિરોધ પક્ષ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાસે કોઈ વિઝનરી નેતૃત્વ નથી. દેશને વિદેશમાં જઈને બદનામ કરવાની રાજનીતિ જનતા ક્યારેય માફ નહીં કરે. નારીશક્તિ વંદન અધિનિયમ જેવા મહત્વપૂર્ણ મુદ્દે પણ કોંગ્રેસે મહિલાઓનું અપમાન કર્યું છે, તેનો જવાબ જનતા આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી 2027 અને 2029 ચૂંટણીઓમાં પણ ભાજપને વધુ પ્રચંડ સમર્થન મળશે. મ્યુ. કોર્પોરેશનમાં 15 માંથી 15, નગરપાલિકામાં 84 માંથી 76, જિલ્લા પંચાયતમાં 34 માંથી 33 અને તાલુકા પંચાયતમાં 260 માંથી 229 જીત સાથે ભાજપે 90 ટકા જેટલો સ્ટ્રાઈક રેટ હાંસલ કર્યો છે. મહેસાણા જિલ્લામાં ભાજપના પ્રભાવશાળી પ્રદર્શનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, નગરપાલિકામાં 52 માંથી 47, જિલ્લા પંચાયતમાં 42 માંથી 38, નગરપાલિકાની 160 માંથી 141 અને તાલુકા પંચાયતમાં 214 માંથી 172 બેઠકો પર વિજય મળ્યો છે. કુલ 467 માંથી 396 બેઠકો પર ભાજપનો વિજય થયો છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં કોંગ્રેસ અને અન્યોના 5500 થી વધુ ઉમેદવારોની ડિપોઝીટ ગઈ છે.

તેઓએ ચુંટાયેલા સભ્યો અને કાર્યકરોને સતત જનતા સાથે જોડાયેલ રહી સેવા, સમર્પણ અને વિકાસના મંત્ર સાથે અવિરત કાર્યરત રહેવા આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખશ્રી નટુજી ઠાકોર, પ્રદેશના મંત્રીશ્રી સીતાબેન પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ગીરીશભાઈ રાજગોર, પ્રભારીશ્રી ભરતભાઈ ડાંગર, સાંસદશ્રી મયંકભાઈ નાયક, સાંસદશ્રી હરિભાઈ પટેલ, જિલ્લા ચૂંટણી સંચાલન સમિતિના સંયોજકશ્રી રમણભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો, અગ્રણીઓ, ચુંટાયેલા સભ્યો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટની આસપાસની હાઈરાઈઝ બિલ્ડિંગોનો એરોનોટિકલ સર્વે થશે



• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને અન્ય સત્તાધિકારીઓને વિવિધ ઈમારતોનો એરોનોટિકલ સર્વે કરવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ 6 ડેવલપર્સ દ્વારા કરવામાં આવેલી માગના જવાબમાં આપવામાં આવ્યો છે. જેમને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક નિર્ધારિત ઊંચાઈ કરતા વધુ બાંધકામ કરવા બદલ અને વિમાનોની અવરજવર માટે જોખમ ઊભું કરવા બદલ ડિમોલિશનની નોટિસ આપવામાં આવી હતી.

અરજીમાં જણાવ્યા મુજબ માહિલ ઈન્ફ્રા, અબજીબાપા ઈન્ફ્રા, પ્રેયસ ઈન્ફ્રા, બાલાજી ડેવલપર્સ, કલશ ઈન્ફ્રા અને પાર્થ ડેવલપર્સ દ્વારા હંસપુરા, નરોડા, નાના ચિલોડા અને આસપાસના વિસ્તારોમાં અનુમતિ મેળવ્યા બાદ બાંધકામ કરાયુ છે. જે મુજબ આ ડેવલપર્સે તમામ સત્તાધિકારીઓ પાસેથી NOC મેળવ્યા બાદ મહત્તમ 102.7 મીટરની ઊંચાઈ ધરાવતા બહુમાળી ટાવર્સ બનાવ્યા છે. જો કે સત્તાધિકારીઓનો આગ્રહ હતો કે નિયત મર્યાદા કરતા વધારાનું બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું છે, જેથી તેને દૂર કરવું જોઈએ.

વર્ષ 2024માં દાખલ કરવામાં આવેલી આ અરજીઓમાં બિલ્ડરોએ ડિમોલિશનની નોટિસને પડકારી હતી અને એરોનોટિકલ સ્ટડીની માગ કરી હતી. તેમનો દાવો છે કે તેમનું બાંધકામ મ્યુનિસિપલ ડેવલપમેન્ટની પરવાનગી મુજબ જ છે. ઊંચાઈમાં જે તફાવત દેખાય છે તે જમીનની એલિવેશનમાં નોંધાયેલા તફાવતને કારણે છે, કોઈ અનધિકૃત કે વધારાના બાંધકામને કારણે નહીં. તેઓએ સિવિલ એવિએશન મંત્રાલયના વર્ષ 2015ના નિયમો હેઠળ એરોનોટિકલ સ્ટડી કરાવવાની માગ કરી હતી.

એરપોર્ટ ઓથોરિટીએ આ અરજીઓનો વિરોધ કરતા જણાવ્યું હતું કે બિલ્ડરોએ મૂળ NOCનો ભંગ કર્યો છે. નિયમો મુજબ જ્યાં સુધી બાંધકામને મૂળ પરવાનગી મુજબ લાવવામાં ન આવે, એટલે કે વધારાનો ભાગ તોડી પાડવામાં ન આવે ત્યાં સુધી સુધારેલી ક્લિયરન્સ કે એરોનોટિકલ સ્ટડી પર વિચાર કરી શકાય નહીં.

બંને પક્ષોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે પ્રતિવાદીઓ એટલે કે સત્તાધિકારીઓનો એવો આગ્રહ કે અરજદારોએ સર્વે પહેલા બાંધકામનો વાંધાજનક ભાગ તોડી પાડવો જોઈએ, તે આ કેસની હકીકતો જોતા અયોગ્ય અને અસમર્થનીય છે. જેથી હાઈકોર્ટે સત્તાધિકારીઓને એરોનોટિકલ સર્વે હાથ ધરવાનો નિર્દેશ આપ્યો છે અને તેનો ખર્ચ ડેવલપર્સે ભોગવવાનો રહેશે.

કોર્ટે નોંધ્યું હતું કે ડિમોલિશનનો આગ્રહ રાખવો અને સર્વેની ના પાડવી તે તર્કહીન અને મનસ્વી છે, ખાસ કરીને જ્યારે નજીકના સમાન પ્રોજેક્ટ્સને સુધારેલી ઊંચાઈની મંજૂરી આપવામાં આવી હોય. કોર્ટે ડેવલપર્સને આપેલી નોટિસો રદ કરી દીધી છે.

### સયાજી હોસ્પિટલમાં તબીબોની હડતાળ સમેટાઈ

## રાજ્ય સરકારે ડોક્ટરોની સુરક્ષાની માંગણીઓ સ્વીકારી, રેપિડ ટાસ્ક ફોર્સના 60 જવાન ખડેપગે રહેશે

• વડોદરા

વડોદરાની સયાજી હોસ્પિટલમાં બુધવારે એનઆરઆઈ પરિવારની મહિલાનું મોત થતા પોસ્ટમોર્ટમ વિભાગમાં ત્રણ દિવસ માટે ડેડબોડી રાખવામાં આવી હતી. વિદેશથી પરિવાર આવી કોલ્ડરૂમમાં રાખેલી બોડી જોતા તે ડિકમ્પોઝ સ્થિતિમાં હોવાથી આક્રોશ ફેલાયો હતો અને તબીબો સાથે ઘર્ષણ બાદ મારામારી થઈ હતી. આ ઘટના બાદ રેસિડેન્ટ ડોક્ટરોએ હડતાળ પાડી વિરોધ નોંધાવ્યો હતો. આખરે SSG હોસ્પિટલમાં તબીબોની હડતાળ સમેટાઈ ગઈ છે.

સરકાર તરફથી સુરક્ષાનું આશ્વાસન મળતાં જ તબીબોએ તેમનું આંદોલન પાછું ખેંચ્યું છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે હવે SSG હોસ્પિટલમાં રેપિડ ટાસ્ક ફોર્સ તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટાસ્ક ફોર્સમાં 60 સુરક્ષા જવાનોની ટુકડી ખડેપગે તહેનાત રહેશે.



આ અંગે મેડિકલ એજ્યુકેશન વિભાગના એડિશનલ ડાયરેક્ટર ડો. જયેશ સચદેવ વડોદરા દોડી આવ્યા હતા. તેમણે SSG હોસ્પિટલના તબીબો અને વ્યવસ્થાપન સાથે વિસ્તૃત બેઠક કરી હતી. બેઠક બાદ તબીબોએ હડતાળ સમેટી લીધી છે.

વડોદરાની સયાજી હોસ્પિટલમાં 29 એપ્રિલે કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલો એક મહિલાનો મૃતદેહ ડિકમ્પોઝ (કોહવાઈ) થઈ જવાની આઘાતજનક ઘટના સામે આવતા પરિવારજનોએ ભારે રોષ સાથે હોબાળો મચાવ્યો હતો. આ મામલે હોસ્પિટલ સ્ટાફની ઘોર બેદરકારી અને ખરાબ વર્તનના ગંભીર આક્ષેપો સાથે બબાલ કરી હતી. આ ઘટનાને લઈ તાત્કાલિક પોલીસ દોડી આવી હતી. આક્રોશમાં આવેલા પરિવારજનો અને લોકોએ તબીબોને માર માર્યો હોવાના આક્ષેપો પણ થયા હતાં.

આ ઘટનામાં તબીબોએ પોલીસ ફરિયાદ નોંધી હતી. જેમાં તબીબ પર થયેલા હુમલાની ઘટનામાં અત્યાર સુધીમાં 12 આરોપીની અટકાયત કરવામાં આવી છે. અગાઉ પકડાયેલા 3 આરોપીઓના એક દિવસના રિમાન્ડ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે (30 એપ્રિલ) 9 આરોપીઓની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## GSFC યુનિવર્સિટી દ્વારા કેનેડાની Humber Polytechnic સાથે MoU પર હસ્તાક્ષર

વૈશ્વિક શૈક્ષણિક સહકારને વધુ મજબૂત બનાવવા માટે GSFC યુનિવર્સિટીએ કેનેડાના ટોરોન્ટોમાં સ્થિત Humber Polytechnic સાથે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

GSFC યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પી.કે. તનેજા, IAS (નિવૃત્ત) ના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ હાલ કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સની શૈક્ષણિક મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થી વિનિમય (Student Mobility), સહયોગી ઑનલાઈન અભ્યાસ, ક્ષમતા નિર્માણ (Capacity Building) તથા સંયુક્ત સંશોધન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે MoU કરવામાં આવ્યું છે.

આ MoU પર સત્તાવાર રીતે GSFC યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પી.કે. તનેજા, IAS (નિવૃત્ત) તથા Humber Polytechnic ના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. જીના એન્ટોનાચી દ્વારા ટોરોન્ટોમાં સ્થિત Humber કેમ્પસ ખાતે બંને સંસ્થાઓના અધિકારીઓની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા.



આ સહયોગ GSFC યુનિવર્સિટીની વૈશ્વિક ભાગીદારી મજબૂત બનાવવા તથા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે નવી તકો ઉભી કરવા માટેના સતત પ્રયત્નોમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એપ્રિલ માસમાં ખાદ્ય સુરક્ષા અંગે સઘન ઝુંબેશ: ૭૨ નમૂનાઓ લેવાયા

• ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાધાન્ય આપીને એપ્રિલ ૨૦૨૬ દરમિયાન સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ઉનાળાની ઋતુમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાઈ રહે તે હેતુથી મહાનગરપાલિકાની ટીમે વિવિધ વિસ્તારોમાંથી કુલ ૭૨ નમૂનાઓ એકત્ર કરી તપાસ માટે મોકલ્યા છે. શુદ્ધ અને સલામત ખોરાક પૂરો પાડવા માટેની આ ઝુંબેશ અંતર્ગત ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ (FSW) વાન દ્વારા સમગ્ર શહેરમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

વધતા જતા તાપમાનને ધ્યાને રાખીને મહાનગરપાલિકા દ્વારા ખાસ કરીને ઠંડા પીણાં અને મોસમી ફળોના વેચાણકર્તાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. FSW વાન અને કેમિસ્ટની ટીમ દ્વારા શેરડીના રસનું વેચાણ કરતી ૩૦ પેઢીઓ, બરફના ગોળાનું વેચાણ કરતી ૨૫ પેઢીઓ અને ૨૦ જેટલા ફ્રૂટ જ્યુસ સેન્ટરની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, તડબૂચ વેચતી ૧૫ પેઢીઓ અને ૭૬ જેટલા ધાબા તથા સ્ટ્રીટ ફૂડ વેન્ડરને ત્યાં પનીરની ગુણવત્તાની સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી. તમામ એકમોને આરોગ્યપ્રદ સામગ્રીનો ઉપયોગ કરવા અને સ્વચ્છતા જાળવવા માટે સ્થળ પર જ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.




હાલમાં ચાલી રહેલી પનીર અને એનાલોગ પનીર ડ્રાઈવ અંતર્ગત તા. ૦૪/૦૪/૨૦૨૬ થી ૧૦/૦૪/૨૦૨૬ દરમિયાન ૩૫ જેટલી રેસ્ટોરેન્ટ અને ધાબાની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સંચાલકોને અસલી પનીર અને એનાલોગ પનીર વચ્ચેના તફાવત વિશે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. ગ્રાહકોની જાણકારી માટે રેસ્ટોરેન્ટમાં ડિસ્પ્લે બોર્ડ લગાવવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. તપાસ દરમિયાન પનીરના ૦૫ શંકાસ્પદ નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ નિયમ અનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા શહેરના નાગરિકોને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે સતત કટિબદ્ધ છે.

### પ્રાથમિક શાળાઓમાં 35 દિવસના વેકેશનની જાહેરાત

## 4 મેં થી 7 જૂન સુધી વેકેશન રહેશે, 8 જૂનથી નવા સત્રની શરૂઆત થશે

રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ઉનાળુ વેકેશન અંગે મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં તા. 04/05/2026 થી તા. 07/06/2026 સુધી કુલ 35 દિવસ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.




પરિપત્ર મુજબ, તા. 08/06/2026થી શાળાઓ ફરી શરૂ થશે. આ નિર્ણય રાજ્યના તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં સમાનતા જળવાઈ રહે તે હેતુથી લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓને વેકેશનના આ સમયપત્રકનો કડક અમલ કરાવવા સૂચના આપવામાં આવી છે. સરકારે વધુમાં જણાવ્યું છે કે પ્રાથમિક અને માધ્યમિક બંને પ્રકારની શાળાઓ માટે વેકેશનની તારીખો એકસરખી રાખવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આયોજનમાં સરળતા રહે. સાથે જ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં પણ આ નિયમ લાગુ પડશે. પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શૈક્ષણિક વર્ષ 2026 માટે D.El.Ed. પ્રવેશ પ્રક્રિયા અને અન્ય શૈક્ષણિક કામગીરીને ધ્યાનમાં રાખીને જરૂરી હોય તો સંબંધિત સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે અલગથી નિર્ણય લઈ શકશે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઉનાળાની ગરમી દરમિયાન રાહત મળશે અને તેઓને આરામ તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળશે.

## ભાજપ મેયરના નામો માટે ધારાસભ્યો અને કોર્પોરેટરો પાસેથી નામ લેશે:પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ નામ નક્કી કરશે, 2-3મેના સેન્સ પ્રક્રિયા; અમદાવાદને 10મે સુધીમાં મેયર મળી શકે

• અમદાવાદ

ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 15 મહાનગરપાલિકામાં ભાજપે તમામમાં સત્તા હાંસલ કરી છે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં 192 બેઠકોમાંથી 160 બેઠકો ઉપર ભાજપે ભવ્ય વિજય મેળવીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરી સત્તા હાંસલ કરી છે ત્યારે અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીની નિમણૂક આગામી દિવસોમાં થવાની છે.

મેયર તરીકેની નિમણુક માટે ભાજપ દ્વારા 2 અથવા 3 મેના રોજ ધારાસભ્યો અને કોર્પોરેટર સહિતના શહેર સંગઠનના નેતાઓ સાથે પ્રદેશના નેતાઓ દ્વારા સેન્સ લેવામાં આવશે અને મેયર તરીકેના નામો આપવામાં આવશે. જે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જશે અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે. ગુજરાતની 15 મહાનગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે.

### દક્ષિણ ગુજરાતના છ જિલ્લાઓ પર વિઝનરી ફોકસ | CM ભૂપેન્દ્ર પટેલ એક્ઝિબિશન સેન્ટર પહોંચ્યા

## થોડીવારમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન; કટ ડાયમંડ માટે GI ટેગ અને નવી સ્માર્ટ GIDCની જાહેરાતો

• સુરત

ગુજરાત સ્થાપના દિવસના પાવન અવસરે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે 1 અને 2 મેના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) ની ત્રીજી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન પામનાર આ મેગા ઈવેન્ટમાં જાપાન, રવાન્ડા, યુક્રેન અને સિંગાપોર ભાગીદાર દેશો તરીકે જોડાઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વૈશ્વિક ફલક પર લઈ જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક્ઝિબિશન સેન્ટર પહોંચી ગયા છે. 'વિકસિત ભારત@2047'ના મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણને સાકાર કરવાના હેતુથી આયોજિત આ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, તાપી અને વલસાડ એમ 6 જિલ્લાઓની ઔદ્યોગિક ક્ષમતા પર વિશેષ પ્રકાશ પાડવામાં આવશે. કોન્ફરન્સની સમાંતર 1થી 5 મે સુધી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) નું પણ આયોજન કરવામાં આવ્યું છે. લગભગ 12,000 ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં પથરાયેલું આ એક્ઝિબિશન નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને રોકાણની તકોનું એક જીવંત કેન્દ્ર બની રહેશે. તેમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો (MSME) થી લઈને મલ્ટીનેશનલ કંપનીઓ પોતાની પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરશે, જે પ્રાદેશિક અર્થતંત્રને એક નવી ઊંચાઈ પર લઈ જશે.

આ વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સ માત્ર ચર્ચાઓ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ આર્થિક વિકાસના નક્કર પગલાંઓનું કેન્દ્ર બનશે. આ ઈવેન્ટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિશ્વવિખ્યાત 'સુરત કટ ડાયમંડ - GI ટેગ' પર એક ખાસ કવર પ્રકાશિત કરવામાં આવશે, જે સુરતના હીરા ઉદ્યોગ માટે ગૌરવની ક્ષણ હશે. આ સાથે જ, દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવી અને અત્યાધુનિક સ્માર્ટ GIDC એસ્ટેટની મહત્વપૂર્ણ જાહેરાત પણ કરવામાં આવશે. વધુમાં, ઉદ્યોગો અને સરકાર વચ્ચે કરોડો રૂપિયાના મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) અને વ્યાપારી ભાગીદારીઓનું આદાનપ્રદાન પણ થશે. જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના પ્રતિનિધી યુ યોશિદાએ જણાવ્યું કે અમે જાપાનના અર્થતંત્ર મંત્રાલય હેઠળની એક જાપાનીઝ સંસ્થા છીએ. આ વખતે, અમે જાપાનની પાંચ કંપનીઓ સાથે 'જાપાન પેવેલિયન' સ્થાપ્યું છે. ગુજરાત અને જાપાન વચ્ચે ખૂબ જ સારા સંબંધો છે. તેથી આ વખતે, મને આશા છે કે અમારા જાપાન પેવેલિયનમાં ભાગ લેનાર કંપનીઓને ગુજરાતની સ્થાનિક કંપનીઓ સાથે કામ કરવાની સારી તક મળશે.



Printed/Published/Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad-380 009,
Published at 1-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road. Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR. (GUJ) Editor: ILEVAN H. THAKAR